Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-14, Issue-1, June-2020

# ઇતિહાસના સંશોધનમાં સ્થળનામોનું મહત્વ

ડૉ. કનૈયાલાલ નાયક
મહાદેવ દેસાઈ ગ્રામસેવા મહાવિદ્યાલય, સાદરા

સામાન્ય રીતે ઇતિહાસ સંશોધનના ક્ષેત્રમાં સંશોધન અને આલેખન વિવિધ પધ્ધતિથી થઈ રહ્યું છે, ક્યારેક રાજકીય પાસા ઉપર ક્યારેક સાંસ્કૃતિક પાસા ઉપરનો ભાર મુકાયેલો જોવા મળે છે. પરંતુ સમયાંતરે ઇતિહાસની સમજ અને વિભાવના બદલાતી રહી છે, અને આધુનિક યુગમાં ઇતિહાસ એટલે માત્ર રાજકીય ઇતિહાસ એવો મર્યાદિત અને એકાંકી ખ્યાલ હવે જોવા મળતો નથી. પહેલા રાજા-મહારાજા, ધર્મગુરુઓ, અમીર ઉમરાવો કે સામંતો જે તે લોકોની વંશાવળીઓ, તવારીખો, યુધ્ધો કે પ્રાપ્ત થયેલા વિજયોના રસપ્રદ વર્ણન એટલે ઇતિહાસ એવો ખ્યાલ પ્રવેતતો હતો પરંતુ ઇતિહાસ વિશેનો દ્રષ્ટિકોણ હવેતો સમૂળગો બદલાઈ ગયો છે પરંતુ એનું મહત્વ કે ઉપયોગીતા ઘટ્યા નથી હવે તો ઇતિહાસની બદલાયેલી વિભાવનામાં માનવીને કેન્દ્ર સ્થાને મૂક્યો છે. માનવજીવનના સમગ્ર પાસાને આવરી લેતી સામાજિક અને રાષ્ટ્રરૂપ હકીકતો વગેરે નો તે અહેવાલ ગણાય છે. સામાન્ય રીતે સ્થળનામોના સંશોધનમાં પણ કેન્દ્ર સ્થાને માનવી જ છે. એટલે કે સ્વાભાવિક રીતે આપણે જે ઇતિહાસ અલેખવાનો છે. તે માનવીનો ઇતિહાસ એ એવી ભાવનાથી નિરૂપાય તે આવશ્યક છે. માનવ જીવનમાં વ્યવસ્થિત વ્યવહાર ચલાવવા માટે જુદા જુદા સ્થળોને ઓળખવાની જરૂર પડે છે. અને આ જરૂરિયાત સંતોષવા માટે દરેક સમાજની પ્રવૃત્તિ અને જ્ઞાન મર્યાદામાં આવતા અનેક સ્થળોની ઓળખ માટે તેમનું કોઈને કોઈ રીતે નામ પડે છે. આવા સ્થળોની ઓળખવા માટે આપવામાં આવેલા નામ ને સામાન્ય રીતે ઇતિહાસ સંશોધનમાં સ્થળ નામ, તરીકે ઓળખવામાં આવે છે.

સામાન્ય રીતે સ્થળનામોમાં અભ્યાસ ભાષા અને યુત્પત્તી ઉપરાંત ઇતિહાસ અને સ્થળનામોની યુત્પત્તી આકસ્મિક ઉદભવતા નથી, પરંતુ સમાજ સાથે ગાઢ સંબંધ ધરાવે છે અને સંકળાયેલ છે. એવા કેટલા ઐતિહાસિક અને સામાજિક સંદર્ભો એમાં કારણભૂત જોવા મળે છે. જેમકે ગુજરાતના સ્થળોમાંનું પંજાબ અને સરહદના સ્થળોનામો સાથેનું સામ્ય એ સ્થળ પ્રદેશ સાથે ગુર્જરો, ગુજરાત અને ગુજરાતીઓ લુપ્ત થઈ ગયેલી ઇતિહાસની કડી જોડી આપે છે જેમ કે કંદહાર જેનું સંસ્કૃત નામ ગંધાર છે જેમ પંજાબમાં પણ 'ગુર્જર' અટકવાળા લોકો વસે છે અને પંજાબમાં અમુક દેશની બોલી 'ગુર્જરી' નામથી ઓળખાય છે આ રીતે એક પ્રજા એક પ્રદેશમાંથી બીજા પ્રદેશમાં જાય છે ત્યારે ત્યાં પણ ગામોના નામ અસલ રાખવાનું વલણ ધરાવે છે. આ રીતે સ્થળનામોનો ઇતિહાસ અને પ્રાચીન સમયના ભૂલાયેલા કેટલાય સંસ્મરણોની યાદ તાજી કરે છે. પર્વતો, ટીંબા, કે ટેકરા નદીઓ અને ખેતરોના નામ અસલ ઇતિહાસ રાખીને બેઠા છે. એ જ રીતે ગામ કે નગરના નામમાં આપણી

સામાજિક સંસ્થાઓ રીતરિવાજો ધર્મ સંપ્રદાય અને વ્યક્તિ વિશેષની જાણકારી મળી રહે છે.

સામાન્ય રીતે ઇતિહાસ સંશોધનમાં સ્થાનિક ઇતિહાસની ઘોર ઉપેક્ષા થઈ રહી છે. સાચી રીતે જોવામાં આવે તો આપણા ગામડાઓમાં સ્થાનિક ઇતિહાસ દટાયેલો છે. સામાન્ય રીતે જેમ નાના-નાના રજકણમાંથી એક ઘન વસ્તુ બને છે. તેમ આવા ગામડાઓના ઈતિહાસમાંથી પ્રદેશોનો અને તેમાથી રાષ્ટ્રનો ઇતિહાસ રચાય છે. ખાસ કરીને ગામડાના લોકો પોતાના ગામની પ્રાચીનતા જાણે ગામની પરંપરાઓ જાણી નવી ઉગતી પેઢીને તે દિશા સૂચક બને તેવો સ્થાનિક ઈતિહાસ લખવાની આજે જરૂર જણાય છે. આવા કેટલાક ગામોમાં આવા સંસાધનોના અભાવે ત્યાંનું મહત્વપૂર્ણ ઇતિહાસ વણ ઉકલ્યો દટાયેલો પડ્યો હોય છે. સંસાધનોની દ્રષ્ટિથી અને ઉકેલવાની તથા સમજવાની જરૂર છે આપણા ગામ કે નગરના ઇતિહાસ માટેની આપણી અજ્ઞાનતા કેવી રીતે ચાલે? આ દિશામાં સ્થળનામોના અધ્યયન વિશે ગુજરાતમાં ખાસ કરીને મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલયના પૂર્વકાલીન ભારતીય ઇતિહાસ અને પુરાતત્વવિદ્યા વિભાગે તથા ગૂજરાત વિદ્યાપીઠના ઇતિહાસ અને સાંસ્કૃતિક વિભાગ મારફતે પુરાતત્વ વિદ્યા સ્વ. ડૉ. રમણલાલ ના. મહેતા પૂર્વ પ્રાધ્યાપક, ડૉ. પંકજભાઇ દેસાઇ એમના માર્ગદર્શન હેઠળ ઘણા શોધ નિબંધ તૈયારી કરાવી ને આ અંગે પ્રેરક કાર્ય કર્યું છે જોકે તે પહેલા વડોદરાના થોડાક વિદ્વાનો એ ખાસ કરીને પ્રા. સ્વ. ભોગીલાલ સાંડેસરા અને પ્રા. સ્વ. રમણલાલ મહેતાએ આ ક્ષેત્રને ગુજરાતના સ્થળનામ સંસદ નામની સંસ્થા ઈ.સ. ૧૯૫૭ માં સ્થાપીને પ્રતિષ્ઠિત કાર્ય કરવામાં આવેલું આ પહેલા પણ ડૉ. એચ. ડી. સાંકળિયા એ પુનામાં રહીને ગુજરાતના ઇતિહાસના કેટલાક સ્થળોના નામો આ દ્રષ્ટિએ અભ્યાસ કરીને શરૂઆત કરી હતી. ભારતમાં પણ ઇ.સ. ૧૯૭૭ માં the place names સોસાયટી ઑફ ઇન્ડિયા નામની સંસ્થા સ્થાપિ જેનું મુખ્ય કાર્યાલય મૈસુરમાં છે. તેની સ્થાપના પછી ખાસ કરીને દક્ષિણ ભારતમાં અને પુના, નાગપુર, વડોદરા જેવા શહેરોમાં થોડા ઘણા વિદ્વાનો દ્વારા આ ક્ષેત્રે થોડુક પણ સંગીન કાર્ય થતું રહ્યું છે. અન્વેષણ થી પુરવાર થયુ છે. સ્થળોનામો વિવિધ સમયે ઘટતી ઘટનાઓની મુક્ત છબી છે. પરંતુ જરૂર છે એ માટેના મહેનતુ અને કાર્યનિષ્ઠ સંશોધકોની અને એમને માર્ગ બતાવનાર માર્ગદર્શકો ની હાલમાં ગૂજરાત વિદ્યાપીઠ ગુજરાતમાં આ ક્ષેત્રમાં ખૂબ જ સારું કામ કરી રહી છે. પરંતુ તેનું વ્યાપ વધશે તો ઇતિહાસમાં ઘણું બધું વણ ખેડાયેલું સંશોધન કામ થઈ શકે. અને વણખેડાયેલા ઇતિહાસના નવા ક્ષેત્ર ને બહાર લાવી શકાય સાચા ઇતિહાસ સંશોધકોની દિશામાં એક નવી દિશા મળી રહે, હાલમાં હું પોતે એમ.ફીલ પી.એચ.ડીના વિદ્યાશાખામાં આ વિષયોમાં ખૂબ જ ઊંડાણપૂર્વક મારા વિદ્યાર્થીઓ પાસે કામ કરાવી રહ્યો છું આ વિષયને વધારે સંશોધન દ્વારા પ્રકાશમાં આવે એ મહત્વનું છે.

ઇતિહાસ સંશોધનમાં જે સંસાધનો નો ઉપયોગ થાય છે તેવી રીતે સ્થળનામો સાધનોમાં પણ મૌખિક-લેખિક અને પારીભોગીક સંસાધનો નો અભ્યાસ કરવાનો થાય છે. જેમાં સાહિત્ય, તામ્રપત્ર, શિલાલેખો, હસ્તપ્રતો, લોક સ્મૃતિ, દટાયેલ સ્થળોનું ઉત્ખન્ન થયેલ હોય તો તેનો

અભ્યાસ કરવાનું જરૂરી છે. ક્ષેત્રકાર્ય સંશોધન દરમિયાન મળતી ગામોની યાદી નગરપાલિકાએ તૈયાર કરેલ જુદા જુદા વસાહતોના નામોની યાદી મધ્યયુગના મકાનો તેમજ ઈતર સ્થાપત્ય માલિકોના વેચાણ, વહેચણીના દસ્તાવેજો વગેરે ગણાવી શકાય. ખાસ કરીને સ્થળનામોના ઐતિહાસિક સંસાધનોમાં પરંપરામાં ઉતરી આવેલા લોક કથાઓ મુખ્યભાગ ભજવે છે. તદ્દુપરાંત અને કેટલાક એવા પણ નામ હોય છે જે પોતે જ પોતાની વિગતો નામના આધારે રજૂ કરી શકે છે. આ સિવાય કેટલાક ગામો કે નગરોના નામો ધાર્મિક પ્રસંગો સાથે સંકળાયેલા હોય છે જે તે ગામના મહાત્મયો પુરાણોમાં ઉલ્લેખિત સંગ્રહયેલા હોય છે. સ્થળનામો ભૌગોલિક પરિસ્થિતિ સૂચક નામો તરફ દ્રષ્ટિ કરવામાં આવે તો તેમાં મુખ્યત્વે જમીનની સપાટીના ફેરફાર સૂચક નામો ઘણા હોઈ આવા પ્રકારના નામોમાં ટેકરા, ટીંબા, ખીણો, ભેખડો તળાવ, નદી, કોતરો, પર્વતો આદિ વિશિષ્ટ શબ્દ સમૂહ છે. એ આ રીતે આમ સ્થાનિક વિશિષ્ટ ભૌગોલિક હકીકતો દર્શાવશે છે. જે સ્થળ તપાસ દ્વારા જાણી શકાય છે.

સામાન્ય રીતે મનુષ્ય અને કુદરત વચ્ચેના સંપર્કમાં સાંસ્કૃતિક બળો મહત્વનું સ્થાન ધારણ કરે છે. અને જે તે મનુષ્ય સમાજની સાંસ્કૃતિક શક્તિ અને પરિબળોની અસરો સ્થળનામો પર જોવા મળતી હોય છે. ખાસ કરીને ખોરાક-પાણી શોધમાં સતત ફરનારો માણસ ખેતી પર આધાર રાખીને એક સ્થળ વધુ વખત સ્થિર રહેતો હોવાથી તેમના નિવાસો વધુ સ્થાયી સ્વરૂપ ધારણ કરે છે. જેમાંથી વિકાસના નિવાસ સમૂહ વડા, વાડી, ગામ, પુર, પુરા પુરા આદિ, નાની-મોટી વસાહતોના અસંખ્ય ગામો મળે છે. આ વસાહતના થોડા ઘણા નામો વસાહત સૂચક જોવા મળે છે પરંતુ ઘણી વખત આ નામો મૂળ નૈસર્ગિક પરિસ્થિતિ અને વરસાદનું સ્વરૂપ દર્શાવે છે. આ ઉપરાંત વસવાટો બંધાવનાર કે ત્યાં પાછળથી થયેલ વ્યક્તિ વિશેષના નમો પછી સાચવી રાખવાના હોય છે.

સામાન્ય રીતે સાંસ્કૃતિક પરિબળોની વિવિધતાથી માનવ સમૂહ જુદી જુદી જાતોમાં વહેંચાયેલો દેખાય છે. ઘણા ગામનામ આપનાર જાતિઓ કેટલીકવાર તે સ્થળે વસતી હોય છે. જ્યારે કેટલાક સંજોગોમાં એ જાતિઓનું ત્યાં નામોનિશાન હોતું નથી તેથી એ નામોના કોઈક કાળે તે સ્થળે વસતી જાતિનું સૂચન કરતા હોય છે. વળી ઘણીવાર સ્થાળાંતર કરતી જાતિઓ આવા નામો માટે જવાબદાર હોય છે. આ ઉપરાંત સ્થળાંતર કરનારા લોકો પ્રાચીન સ્થળોના નામો નવા સ્થળોને આપે છે. અને આવી વસાહત પાછળથી થયેલ વસાહતો સૂચક પ્રત્યેય લગાડી ને તે વસાહત નવી હોવાનું દર્શાવે છે. ઘણી વખત પ્રજાના ધર્મોની અસર નીચે ઘણાં ધાર્મિક સ્થળોના તીર્થો નામો પર પડતા જોવા મળે છે. અને જે ધર્મની અસરો દર્શાવે છે ધર્મ ઉપરાંત પ્રવૃત્તિ ચૂસક નામો સાંસ્કૃતિક અસરો પણ દર્શાવે છે.

આ રીતે સાંસ્કૃતિક પરિબળોની સ્થળનામો પર ખૂબ જ અસર જોવા મળતી હોય છે. મોટા પ્રદેશના નામો મોટી ટોળી કે જાતિઓ દેશના બીજા ભૌગોલિક સ્થળોની સરખામણીમાં સ્થળ વગેરે દર્શાવતા હોય છે. એક રીતે જોઈએ તો ગામોના નામો સ્થાનિક બલાબત દર્શાવતા હોય છે. આ નામો વસવાટની પરિસ્થિતિ, ત્યાં

વસતા લોકોની જાતિઓ તેમજ રિવાજો અને માન્યતાઓ ધર્મ આદિ વિવિધ સંસ્કૃતિક અસરો દર્શાવતા હોવાથી સાંસ્કૃતિક અભ્યાસમાં અગત્યની સિમાચિન્હ બની રહેતા હોય છે.

સામાન્ય રીતે ઇતિહાસ સંશોધનમાં સ્થળનામોનુ અર્થ તારવવાનું કામ પરિશ્રમવાળું છે. સ્થળ નામોના અભ્યાસ કાર્ય દરમ્યાન વિચાર કરતાં સમજાઈ જાય છે કે આ નામ મૂળ એક જ શબ્દનું હોય છે. અથવા બે શબ્દજોડે સમાવેશ થતો હોય છે. આવા સમાસ વાળા શબ્દોનું વિગ્રહ કરવામાં સાવધાની રાખવી પડે છે. કારણકે સમાસનું ખોટો અર્થ થતા નામનો અર્થ સમજવામાં ઘણી વખત મુશ્કેલી પણ પડતી હોય છે. આમ, આ સ્થળનામોનાં સમાસના બે અંગો પ્રદાંત અને પ્રદાની એનામનું સ્પષ્ટીકરણ કરવામાં સહાય રૂપ થતા હોય છે મોટાભાગે પ્રદાત સ્થળની નૈસર્ગિક કે સાંસ્કૃતિક વિશેષતા દર્શાવતી હોય છે. જ્યારે પ્રદાંત તે સ્થળના ઉપયોગી અને વસાહતોની મૂળ સ્થિતિના સાચક હોય છે પરંતુ સર્વથા આ પ્રમાણે બનતું નથી ઘણી વખત પ્રદાનને નૈસર્ગિક પરિસ્થિતિ સૂચક છે. અને પદાગ્ર નામ પાડવાનું કાર્ય દર્શાવે છે. આમ આ રીતે સંશોધન દરમિયાન જે તે પ્રદેશના સ્થળનામોના અર્થો મેળવ્યા પછી આ પ્રદેશના આ સ્થળનામો કયા બાબતો દર્શાવે છે. તેમાં કેવા ફેરફારો થાય છે? અને તેનો ઇતિહાસ કેવો છે. વગેરે પ્રશ્નો ઉકેલવાનું પ્રયત્ન થતો હોય છે. આ રીતે ઇતિહાસ સંશોધનોમાં સ્થળનામો અલગ રીતે નવી દિશા તરફ લઈ જતા હોય છે. અને આ રીતે સ્થળનામો જિલ્લાની માનવ સંસ્કૃતિ વિશે વિવિધ પાસાઓની રૂપરેખા આપતા હોય છે. આ ઉપરાંત જે તે પ્રદેશની નૈસર્ગિક તેમજ સાંસ્કૃતિક પરિસ્થિતિ પર પ્રકાશ પાડીને વસવાટ કરતી જાતિઓ તેમના સ્થળાંતરો તેમના વ્યવસાય, ભાષા, ભાષાકીય, ફેરફારો, રિવાજો, ધાર્મિક માન્યતાઓ વગેરે ઘણી બાબતો પર પ્રકાશ પાડતા હોય છે. જે આ રીતના સંશોધનો પરથી જ સમજાનું હોય છે.

ઐતિહાસિક દૃષ્ટિએ શહેરકે ગામની અંદર આવેલા સ્થળનામોના અભ્યાસમાં સામાન્ય રીતે ગામ, શહેર, નાની વસાહત કે પરાંના અધ્યયનમાં મૂળભૂત સમાનતા હોવા છતાં કેટલાક ભેદ જોવા મળતા હોય છે. ખાસ કરીને શહેર કે ગામની અંદરના સ્થળનામોમાં ફેરફારનું પ્રમાણ વધારે હોય છે. જ્યારે ગામોના વસવાટ પછી તેમાં થતા ફેરફારનું પ્રમાણ તેની સરખામણીમાં ઓછું હોય છે. જેથી આવા અધ્યયનમાં મળતા શબ્દોનું પ્રમાણ વધુ લાંબા સમયથી વપરાતા હોય છે. કેટલીક વાર ગામોના નામો બદલવાના પ્રયાસો લોક વ્યવહારના લીધે સફળ થતા, જણાતા નથી, એમ જણાય છે. પરંતુ આવી પ્રક્રિયા સમજવા માટે ગામ કરતાં મોટા સમૂહ તાલુકો કે જીલ્લો અધ્યયન માટે વધુ ચોક્કસ પ્રકારની માહિતી પૂરી પાડતા હોય છે. જુદા જુદા ગામોના વસવાટના સ્થળનું નામ કેમ પડ્યું તેની માહિતી આપે છે.

સામાન્ય રીતે વસાહતના વિકાસ અંગે જાણવા તેમાં રહેતા લોકોની વિવિધ પ્રવૃત્તિઓ વગેરેનું અધ્યાયન અનેક દ્રષ્ટિ બિંદુથી કરવામાં આવતું હોય છે. તેથી તેમાં વૈવિધ્ય જોવા મળે છે. આવા અધ્યયનની મુળગત વિચારણા કરતાં તેનું પાયો મૌખિક લેખિકા અને પારિભૌગીક સાધનોની પ્રસ્થાન ઉપર મંડાયેલો છે. આ સ્થાન પ્રચીન અધ્યયનથી જે તે

વસાહતોની વિસ્તારથી અવલોકન તથા અધ્યયન થઈ શકે છે. મૌખિક પ્રસ્થાન માં જે તે સ્થળોના નામ કરણ ની પ્રક્રિયા તે સ્થળે ભૂતકાળમાં બનેલા બનાવની કે ત્યાંના વ્યક્તિ વિશેષની માહિતી ત્યાં વિકાસ પામેલા તીર્થોના મહાત્મય જેવી મહત્વની માહિતી મળી રહેતી હોવાથી જે તે સ્થળના લોકોની ઘણી માન્યતાઓ વિશે ખ્યાલ મળી રહેતો હોય છે આ મૌખિક સાધન દ્વારા અથવા પ્રશ્નાવલી દ્વારા તમામ પ્રકારના રાજકીય કે સામાજિક કાર્યો અને સાધનો દેખાય છે અને તે કાર્યનું ફળ સ્વરૂપે પ્રકાશન રૂપીનુ બીજું અંગ લેખિત સાધન સામગ્રી તૈયાર કરવામાં મહત્વનું સાબિત થઈ શકે છે, આ ઉપરાંત જે તે સ્થળનાં લોકોની સ્મૃતિમાં ચિરંજીવી રહે તેવા બનાવો કે કાર્યો માટે તેઓ પથ્થર ધાતુ માટી ઇત્યાદિ સાધનો પરના લખાણો કરતા હોવાની અને ભૂતકાળમાં પણ આધારો જોવા મળે છે તેમાં સાહિત્ય કે અધ્યયન માટે લખાણોના ઉમેરો કરીને જે તે સ્થળોનું સંસ્કાર ધન અને સાંસ્કૃતિક નું ધન વિકાસનું હોય છે. આ અંગે ઉપરાંત ત્રીજી પ્રસ્થાન ભૂમિકા પરોભોગિક પદાર્થ પૂરો પાડે છે આ સાધન પણ સ્થળ નામના અધ્યયનમાં ઘણી મહત્વની સામગ્રી પ્રાપ્ત થતી હોય છે.

આ રીતે નામકરણ પ્રક્રિયામાં જે તે સ્થળ પર વસનાર પ્રજાની ભાષા તથા તેના સંસ્કારો તેમની સામાજિક પ્રક્રિયા તેનું ભુપુષ્કઆદિ ઉપાદી વિગતોનો સમાવેશ સ્વભાવિક રીતે થતો હોવાથી આ નામોનું અધ્યયન પ્રક્રિયા સમજાતું હોવાનું અનુમાન સરળ દ્રષ્ટિની સ્થળનામોનું ઐતિહાસિક અધ્યયન થઈ શકે છે.

સામાન્ય રીતે સ્થળનો માનવ વ્યવહારમાં સ્થળની ઓળખ માટે વપરાતા શબ્દો કે સમાસ હોય છે એક વખતે એક શબ્દનો પ્રયોગ શરૂ થયા પછી તે લાંબા સમય સુધી વપરાતો રહે છે તેથી તે કેટલાક ઇતિહાસ સાચવીને બેઠેલા હોય છે આ સ્થળનામો પ્રચલિત ભાષા અને ભાષાકીય ઇતિહાસ સુરેખ દર્શન થતું હોય છે.

સામાન્ય માણસો નવી જગ્યાએ સ્થિર વસવાટ કરે અથવા નવા ગામો અને નગરો વસાવે ત્યારે તેનું નામ આપવાની પરંપરા સર્જાઇ છે તેમાં સૌપ્રથમ સ્થળ નામો એ વસવાટની ભૌગોલિક પરિસ્થિતિ દર્શાવતા હોય છે. તેમાં ખાસ કરીને ટેકરા, નદી, ઘાટ, ઢાળ, ખાડા, ડુંગર, પાણી ભરાઈ રહે તેવી જગ્યાઓ દર્શાવતા નામો પણ જોવામાં આવે છે આવા સ્થળનામો વસવાટની સ્વાભાવિક પ્રક્રિયા સૂચવે છે સામાન્ય રીતે ચોમાસામાં પુર આવે ત્યાંથી તે બાબતને ધ્યાનમાં રાખી ઊંચાઇ કે ઊંચા વિશિષ્ટ સ્થળો ઉપર લોકો વસવાટ કરતા જોવા મળે છે પરંતુ કેટલાક સંજોગોમાં વસ્તી વધારો થવાથી તેના નજીકના ઢાળમાં વસતી વસવાટ પ્રક્રિયા થતા નામો જુના ભૂપુષ્ઠનામો સાચવી જોવા મળે છે એટલે કે સ્થાનિક ભૂગોળ ના કેટલાક અંશો આવા સ્થળો નામો જાળવી રાખતા હોય છે ઉપરાંત ભૂપુષ્ઠ ની સાથે વનસ્પતિ પણ લોકો સાથે સંકળાયેલ છે અને પર્યાવરણ માનવ જીવનનું મુખ્ય આધાર છે ખાસ કરીને જંગલ વિસ્તાર કે વનસ્પતિના નાશ માટે ગામો નો વસવાટ મહત્વનો ભાગ ભજવે છે.પરંતુ તે વિસ્તાર ગામ ના વસવાટ માં સ્થળ નામો ની દ્રષ્ટિએ જળવાઈ રહેતો હોય છે આપણા ત્યાં ઘણા ગામો કે નગરોના નામ આવા વનસ્પતિ સૂચક નામો તેના

ઉત્તમ ઉદાહરણ છે. આ રીતે વસવાટ ની શરૂઆતમાં મોટા વૃક્ષો, ઝાડીઓ નાની વનસ્પતિઓ તેમ જંગલો વગેરે વસવાટ સૂચવવા માટે વપરાતા સ્થળોના ઘણો અગત્યનો ભાગ ભજવતા હોય છે. આ રીતે આવા ગામ કે નગરના નામોમાં જુદા જુદા વસવાટ સૂચક ગામ તરફ પુરા, પુર, વાડા, વાડ, વાડી, વાસ, વાસણા વગેરે નામ પ્રદાંતો તો વિશિષ્ટ વસવાટની પ્રક્રિયા સૂચવે છે.

ઘણી વખત જુદા જુદા સ્થળ પર વચ્ચેના ફેરફારો થતાં હોય છે અને તેવી જગ્યાએ પુરાવસ્તુ આધારો મળે ત્યારે સ્થાનિક લોકો કયા સ્થળ માટે કયા શબ્દ વાપરતા હતા એ બાબત નિર્ણય કરવો મુશ્કેલ ભર્યો રહે છે પરંતુ ગુજરાતમાં જે રીતે થયેલા અભ્યાસ પરથી હજાર વર્ષ કરતાં પહેલાનું નામોનું સ્વરૂપ અત્યારના ગામો કરતાં કંઈક જુદું જ હતું તે બાબત પણ સંશોધનમાં સ્પષ્ટ થાય છે આવા સ્થળોએથી ભવિષ્યમાં જ્યારે પણ તામ્રપત્ર કે બીજી એવી કોઈ લેખિત સામગ્રી પ્રાપ્તિ થાય તો સ્થળ નામોનો ઇતિહાસ વધારે પૂર્વ કાલીન હોવાના આધારો મળતા જોવા મળે છે સામાન્ય રીતે જે તે પ્રદેશમાં વસતી વધે અથવા આજુબાજુમાં સ્થળાંતર થાય તેવા સંજોગોમાં સ્થળનામો સામાન્ય રીતે કૃષિ-પશુપાલન કે જાતિના નામ પરથી પણ જોવા મળે છે આવા વિસ્તારમાં રહેતા વિવિધ પશુઓ કે પશુપાલકો કૃષકો નામ કે જાતિ પરથી જે તે સ્થળો ઓળખાતા થાય છે જે પ્રવૃત્તિ સૂચક પશુ સૂચક નામ હોય છે આવા સંજોગોમાં સામાન્ય રીતે જુદા જુદા પ્રદેશોમાંથી સ્થળાંતર થાય છે ત્યારે ગામ કે નગરોના સ્થળનામો સામાન્ય રીતે તે જાતિના કે તેમની પ્રવૃત્તિના નામ પરથી પડેલ હોય છે તે ધ્યાન પર આવે છે તેના કારણે તેમનો ઇતિહાસ પણ આવા પ્રકારના સ્થળનામોના આધારે પ્રાપ્ત થતો હોય છે

ત્યારબાદ વ્યક્તિ સૂચક સ્થળ નામો નું અધ્યયન એક તરફ સમાજ અને સંસ્કૃતિના સંદર્ભમાં થઈ શકે છે આ વ્યક્તિ સૂચક નામો સામાજિક સાંસ્કૃતિક અને ઐતિહાસિક દ્રષ્ટિએ ઘણું મહત્વ દર્શાવતા હોય છે વ્યક્તિ સૂચક નામો દ્વારા સમાજના સામાજિક સાંસ્કૃતિક અને ઐતિહાસિક પરિબળોનું ખ્યાલ આવતો હોય છે આ સંશોધનો દ્વારા ધાર્મિક વલણો નાત-જાતના વગેરેના ઉદભવનો પણ ખ્યાલ આવે છે નામોનું વિશ્લેષણ પરથી તે જાતિ અને દેશના સમય સમય કેવા નામ પાડતા અને એ પ્રકારના નામો પાછળ રહેલી કુળ પરંપરા અને અન્ય સામાજિક ભાવના સ્પષ્ટ થતી હોય છે જે તે સમાજ સાંસ્કૃતિક અને ઐતિહાસિક પરિબળોની જાણકારી માટે વ્યક્તિ નામો અતિ મૂલ્યવાન અને સંગ સંગઠીન સાધન પુરવાર થઈ શકે છે, આમ આ રીતે આ પ્રકારના સ્થળ નામોમાં વ્યક્તિ સૂચક નામો થી જે તે પ્રદેશની જનસમાજની જીવન પદ્ધતિ નો આલેખ પ્રાપ્તિ થાય છે. ધાર્મિક પરિબળ સૂચક સ્થળ નામો માં જોવામાં આવે તો પૌરાણિક પરંપરાગતની દ્રષ્ટીએ ધાર્મિક સ્થળો કે પુરુષો સાથે સંકળાયેલ નામ જોવા મળતા હોય છે.

**ઉપસંહાર**

આ રીતે સ્થળનામોની ઐતિહાસિક પ્રક્રિયાનો અભ્યાસ કરતા સ્થળનામોમાં જે તે પ્રદેશની વધતી જતી વસતી અને વિવિધ પરિબળો સૂચક નામો આપતા જોવા મળતા હોય છે જેવા કે પ્રકૃતિ સૂચક, સામાજિક પરિબળો સૂચક, આર્થિક પ્રવૃત્તિ સૂચક, સંખ્યા સૂચક, કદ

સૂચક, સમગ્ર સૂચક વગેરેમાં મોટાભાગે પ્રદાગ્ર સ્થળોની નૈસર્ગિક કે સાંસ્કૃતિક વિશેષતા દર્શાવતા જોવા મળે છે. જ્યારે પ્રદાન્ત સ્થળ ના ઉપયોગ અને વસવાટો ની મૂળ સ્થિતિનો સૂચક જોવામાં આવ છે. જે પ્રદાન્તમાં પુર વસવાટની પરિસ્થિતિ અને આ વિસ્તારોનું ક્રમશઃ વિકાસ દર્શાવતો જોવા મળે છે અને આવા સ્થળોનો વિકાસ લાંબો સમય સુધી થતો રહેતો હોય છે આ રીતે ઉપરના નામો ઉપરથી તેનો વિકાસ કરનારાના નામ જોવાનો પ્રયત્ન થાય છે તેમાં વિવિધ લોકો કામ કરતાં હોય છે લોકોમાં સ્થાનિક શ્રમ તો અમીરો કે વિશિષ્ટ વ્યક્તિત્વ ધરાવતી વ્યક્તિ નું નામ જોવા મળતું હોય છે આવા વસાહતો ઉભી કરવા માટે થયેલા પ્રયત્ન જોવામાં આવે છે આવા સ્થળનામોની અધ્યયન કરતા તેમાં મુખ્યત્વે ભૂમિ વિશેષ માનવ નામો જોવા મળતા હોય છે અને આમ વિવિધ દષ્ટિ બિંદુથી જોવામાં વિવિધ પ્રવૃતિઓ સૂચક સ્થળનામો વાડી, વાસ, આલા, આલી વગેરે પદા પદાન્ત વાળા નામ જોવા મળતા હોય છે આવા નામોમાં વૈવિધ્ય સારૂં હોવાના એકંદરે સારી માહિતી મળતી જોવામાં આવતી હોય છે તેથી ઐતિહાસિક સંશોધનોમાં સ્થળનામો માં ખૂબ મહત્વનું સંશોધન સાબિત થઈ શકે છે. આ રીતે ગુજરાત રાજ્યના સંદર્ભ જોવામાં આવે તો હાલની પરિસ્થિતિ જોતા ખ્યાલ આવે છે કે ગામ કે નગર વસાવનારા મોટાભાગે ગુજરાતી ભાષાના લોકો હતા તેમાં કેટલાય ફારસી ગુજરાતી મીશ્ર નામ અરબી ગુજરાતી મીશ્ર નમા, મરાઠી ગુજરાતી નામોની અસર દેખાય છે એટલે જ નામોમાં સ્થાનિક બોલીની અસર પણ જોવા મળે છે જે લીપી બધ્ધ જણાતા નથી આમ આ સ્થળ નામના અધ્યયનથી ઐતિહાસિક પ્રક્રિયા આ પ્રમાણે જોવા મળે છે ટૂંકમાં જો કહેવાનું હોય તો કહી શકાય કે આપણી સામાજિક અને સાંસ્કૃતિક ઇતિહાસની ઘણી ચર્ચા આ પ્રમાણે અભ્યાસના આધારે ઉકેલી શકાય તેમ છે આપણા ત્યાં આ વિષયમાં અભ્યાસ બાબતે રુચિ જણાતી નથી ગુજરાતમાં ફક્ત ગુજરાત વિદ્યાપીઠમાં આવા પ્રકારનું સંશોધન કાર્ય થઈ શક્યું જ્યારે વિદેશમાં ઇંગ્લેન્ડ, અમેરિકા જેવા દેશોમાં આવું સંશોધન લગભગ ૮મી સદીથી ચાલે છે, આજના ભારતનું ઐતિહાસિક મહત્વ મોટેભાગે દંતકથાઓમાં અટવાઈ ગયુ છે અને કેટલીક ઐતિહાસિક દૃષ્ટિ ના અભાવમાં કેટલીક અતિ મહત્વની નક્કર હકીકતો પણ વિશ્વાસ ગુમાવતી રહી છે ત્યારે પ્રાચીન ઇતિહાસને જાળવીને સાચવીને બેઠેલા આવા સ્થળનામોનો અભ્યાસ ઇતિહાસને ઉકેલવામાં અને સમજવામાં ખૂબ જ ઉપયોગી થઈ શકે તેમ છે. એટલે કે પાયાથી જ આવા ઐતિહાસિક સંશોધનો માટે અવકાશ છે.

**સંદર્ભ સુચિ**


1. આચાર્ય નવીનચંદ્ર આનંદીલાલ, ગુજરાતીનો સાંકૃતિક ઇતિહાસ, યુની.ગ્રંથયુનિયન બોર્ડ, ૧૯૮૪
2. ત્રિવેદી ગિરીશભાઇ, મધ્યકાલીન ગુજરાતી વ્યક્તીનામોનું અધ્યયન (ભાષાકીય, ઐતિહાસિક, સાંસ્કૃતિક), ફાર્વસ ગુજરાતી સભા મુંબઈ, ૧૯૫૮
3. પરીખ રસિકલાલ છોટાલાલ, ગુજરાતી રાજધાની, ગુર્જર ગ્રંથરત્ન, કાર્યાલય, અમદાવાદ, ૧૯૫૮

4. ભગવંતસીંહજી, ભગવદો મંડળ ભાગ ૧ થી ૯, પ્રવીણ પુસ્તક ભંડાર રાજકોટ, ૧૯૮૬
5. ભાયાણી હરિવલ્લભચુનીલાલ, ગુજરાતી ભાષા ઇતિહાસની કેટલીક સમસ્યાઓ, આર. આર. શેઠની કંપની મુંબઈ, ૧૯૭૬
6. ભાયાણી હરિવલ્લભચુનીલાલ, ગુજરાતી ભાષાનું ઐતિહાસિક વ્યાકરણ, પાશ્વ પબ્લીકેશન અમદાવાદ, ૧૯૮૬
7. ભાયાણી હરિવલ્લભચુનીલાલ, ભાષા વિમર્શ, આર. આર. શેઠની કંપની મુંબઈ, ૧૯૮૭
8. શાસ્ત્રી હરિપ્રસાદ ગ. અને ર. છો. પરીખ, ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ ગ્રંથ ૧ થી ૯ ભાગ, ભો. જે વિદ્યાભવન અમદાવાદ, ૧૯૭૨
9. મહેતા ર. ના., અમદાવાદ સ્થળનામનો અભ્યાસ, ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ, ૧૯૮૪-૮૫
10. મહેતા ર. ના., ભારતીય વસવાટ, ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ, ૧૯૮૮
11. શાસ્ત્રી દુર્ગાશંકર કે., ઐતિહાસિક સંશોધન, ગુજરાત સાહિત્ય પરિષદ અમદાવાદ, ૧૯૭૭
12. શાસ્ત્રી દુર્ગાશંકર કે., જૈન તીર્થ સર્વ સંગ્રહ ભાગ ૧, આણદજી કાવ્યાજી, ઝવેરી વાડ અમદાવાદ, ૧૯૫૩
13. ડૉ. એચ. ડી. સાકળીયા, પુરાતત્વમાં ગુજરાત, ગુજરાત ઇતિહાસ પરિષદ અમદાવાદ, ૧૯૮૩
14. ડૉ. ભોગીલાલ સાંડેસરા, અન્વેષણા, ફાર્મસ ગુજરાતી સભા, મુંબઈ, ૧૯૫૪
15. ડૉ. ભોગીલાલ સાંડેસરા, શબ્દ અને અર્થ, મુંબઈ, ૧૯૫૪